R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 16 DATE: 16-04-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## મધર ટેરેસા મરણોપરાંત બ્રિટિશ ફાઉન્ડર્સ એવોર્ડથી સન્માનિત



મધર ટેરેસાને હંમેશા દયા અને મદદ માટે યાદ કરવામાં આવે છે.તેમને આ વર્ષે બ્રિટિશ ફાઉન્ડર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.આ સન્માન વૈશ્વિક એશિયન સમુદાયના લોકોને તેમના જેવી સિધ્ધિઓ બદલ પુરસ્કૃત કરે છે.મધર ટેરેસાના ૭૨ વર્ષના ભત્રીજી અગી બોજાઝીયુ આ એવોર્ડ લેવા માટે ઈટાલીથી આવ્યા હતા.તેઓ મધર ટેરેસાના એક માત્ર જીવીત સબંધી છે.આ પહેલાં ૪ ડિસેમ્બર,૨૦૧૫ના રોજ મધર ટેરેસાને સંતની ઉપાધીથી નવાજ્યા હતા. તેમણે મિશનરીઓ અને ચેરીટીની સ્થાપના કરી હતી. તેમણે ભારતમાં ૪૫ વર્ષ સુધી ગરીબો,બીમારો અને અનાથોની મદદ કરી છે. ફાઉન્ડર્સ એવોર્ડ વેપાર, પરોપકાર,મનોરંજન અને રમત સહિત ૧૪ શ્રેણીઓને આપવામાં આવે છે.એશિયન પુરસ્કારની શરુઆત ૨૦૧૦માં પોલ સાગોએ કરી હતી. જેઓ લેમેન ગ્રુપના સ્થાપક છે. સાગોએ જણાવ્યુ હતું કે મધર ટેરેસાને તેમના સંત બનવાના વર્ષે સન્માનિત કરવા શાનદાર છે.

## મનસેના રાજ ઠાકરેએ વડાપ્રધાન મોદીએ લોકસભાની ચુંટણી ટાણે આપેલા વચનો માત્ર જનતાનો વિશ્વાસભંગ ગણાવ્યા

મહારાષ્ટ્રમાં મનસેના રાજ ઠાકરેએ વડાપ્રધાન મોદી પર લોકોનો વિશ્વાસ તોડવાનો આરોપ મુક્યો હતો. એટલું જ નહી પણ તેમના સાથી પક્ષ શિવસેના પર ચાબખા માર્યા હતા.તેમણે કહ્યું હતું કે શિવસેનામાં હિંમત હોય તો તેઓ ભાજપનો સાથ છોડી દે અને હાથમાં તીર-ધનુષ લઈને લોકોને ન્યાય અપાવે.શિવાજી પાર્કની રેલીમાં રાજ ઠાકરેએ વડાપ્રધાનને પણ છોડ્યા નહોતા.વિશ્વમાં ક્યાં એવો વડાપ્રધાન છે કે જે ફકત વિદેશયાત્રા જ કરતાં રહે છે ?તેમ કહીને તેમણે વડાપ્રધાનની વિદેશયાત્રાઓને વખોડી કાઢી હતી.લોકોને અચ્છે દિનનું સ્વપ્ન બતાવી સત્તામાં આવ્યા બાદ અચ્છે દિન કોના આવ્યા તેવો પ્રશ્ન કર્યો હતો. બ્લેક મની કેટલું પાછું આવ્યું. વિજય માલ્યા અબજોનું ફુલેકુ ફેરવી વિદેશ જતા રહ્યા તો તમે શું કરી શક્યા. તેમ કહી જ્વેલર્સ એકસાઈઝ ડયુટીના મુદ્દા પર ટીપ્પણી કરતાં કહ્યું કે જ્વેલર્સ પણ હવે કહે છે કે હમારી એક હી ભુલ,કમલ કા ફુલ, ભાજપ અને કોગ્રેસમાં શું ફર્ક છે.બંનેના શાસનમાં મરો તો ફકત લોકોનો જ થઈ રહ્યો છે.અને સત્તાધારી પક્ષના લોકો તગડાં થઈ રહ્યા છે.

જો કે માત્ર મનસે નહી પણ શિવસેનાએ તેમના મુખપત્રમાં ભારતીય જનતા પાર્ટી અને તેમના નેતાઓની આકરી ટીકા કરી છે.મહારાષ્ટ્રમાં ભાજપની સાથે યુતિ સરકારમાં શિવસેના જોડાઈ હોવા છતાં અનેક વખત ભારે ટીકાઓ કરી છે.પરંતુ બેઉ પક્ષોને એકબીજાને સહન કર્યા વગર ચાલે તેમ નથી.

## દલિત ખ્રિસ્તી અને મુસલમાનોને અનુસુચિત જાતિમાં સમાવવા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની માંગ



દિલ્હીમાં જેડીયુની કાર્યસમિતિની બેઠક યોજાતાં પહેલાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે રાષ્ટ્રીય સ્તરે પોતાનું કદ મજબુત કરવા અનામતનું કાર્ડ ખેલ્યું હતું.તેમણે પાર્ટીના અધ્યક્ષ બનાવાય તે માટે પોતાને રાષ્ટ્રીય સ્તરના નેતા તરીકે મજબુતી આપી હતી.બિહાર વિધાનસભાના સભાગૃહમાં તામિલનાડુની એક સંસ્થા પેરિયાર ઈન્ટરનેશનલ,યુએસએ તરફથી આયોજિત એક કાર્યક્રમમાં નીતિશકુમારે આ વર્ષનો કે.વીરમણિ એવોર્ડ ફોર સોશ્યલ જસ્ટીસ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નીતિશકુમારે દલિત ખ્રિસ્તી અને મુસલમાનોને અનુસુચિત જાતિમાં સમાવેશ કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.આ સાથે જ તેમણે અનામતનો દાયરો વધારવા અને ખાનગી ક્ષેત્રમાં અનામત લાગુ કરવાની વકાલત કરી હતી.નીતિશકુમારે આ કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે મે ગાંધીજીની પ્રેરણાથી સંસદમાં ૧૦ વર્ષ પહેલાં આ મુદ્દો ઉઠાવ્યો હતો કે ધર્મ બદલાઈ જવાથી જાતિ બદલાતી નથી.દલિત મુસલમાન અને દલિત ખ્રિસ્તીઓને એસસી - એસટીનો દરજ્જો મળવો જોઈએ.અનુસુચિત જાતિ અને જનજાતિ કોઈપણ ધર્મના હોઈ શકે છે એવું જરુરી નથી કે ફક્ત હિંદુ ધર્મને માનનારા લોકોને જ એસ.સી એસટીનો દરજ્જો અપાય.સમયની સાથે બૌધ્ધો અને શીખોને એસસી-એસટીનો દરજ્જો મળી ગયો છે.પરંતુ મોટી સંખ્યામાં ઈસ્લામને માનનારા અને ખ્રિસ્તીઓને તેનાથી વંચિત રાખવામાં આવ્યા છે.

નીતિશકુમારે એમ પણ જણાવ્યુ હતું કે અનામતનો દાયરો વધારવો જોઈએ.હું માનુ છું કે મુસ્લીમ અને ખ્રિસ્તી પણ દલિતોની જેમ ઉપેક્ષાના શિકાર છે. પછાતપણાના શિકાર છે.તેમને એસસી-એસટીનો દરજ્જો મળવો જોઈએ અને બંધારણમાં સુધારો કરીને અનામતનો દાયરો ૫૦ટ% કરવો જોઈએ.

## જમ્મુ કાશ્મીરમાં એનઆઇટી વિવાદમાં વધુ સંઘર્ષ થવાની વકી

એનઆઈટી શ્રીનગરનો વિવાદ શમવાનું નામ લેતો નથી.ભારત-વેસ્ટ ઈન્ડીઝ મેચના મામલે થઈ ગયેલ ધમાલની અસરો વધુ વ્યાપક પ્રમાણમાં પડી છે.કાશ્મીરી અને બહારના રાજ્યોના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા સંઘર્ષને કારણે હવે વિવાદ વધુ વકર્યો છે.અન્ય રાજયોના વિદ્યાર્થીઓએ શરુ કરેલા આંદોલનને હવે દેશના અન્ય રાજયોમાંથી સમર્થન મળી રહ્યું છે.એનઆઈટી વિદ્યાર્થીઓના સમર્થનમાં ૧૨ રાજયોમાંથી ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ તિરંગા સાથે દિલ્હીથી શ્રીનગર બાજ કુચ કરી હતી.

બીજી બાજુ જેકેએલએફે કાશ્મીર બંધનું એલાન આપ્યું છે.જેકેએલએફના નેતા યાસીન મલિકે જણાવ્યુ હતું કે એનઆઈટી પ્રકરણમાં કાશ્મીરીઓને ખલનાયક તરીકે ચીતરવા અને દેશના અન્ય હિસ્સાઓમાં કાશ્મીરી વિદ્યાર્થીઓ પર થતા અત્યાચારના વિરોધમાં કાશ્મીર બંધ પાળવાનું એલાન કરાયું છે.

જ્યારે દેશદ્રોહના આરોપોનો સામનો કરતાં જેએનયુના અધ્યક્ષ કનૈયાકુમારે જણાવ્યુ હતું કે પોતાના સંઘર્ષને સંઘિસ્તાન વિરુધ્ધ હિંદુસ્તાનની લડાઈ કહી હતી.કનૈયાએ કહ્યું હતું કે જુની પેઢીના લોકો મતભેદની સપાટી એટલી ઉચે લઈ ગયા છે કે એકતા મુશ્કેલ બની છે.સંઘની હિંસા વિરુધ્ધ એકજુટ થઈને બધા શા માટે ઊભા નથી રહી શકતા ?

એનઆઈટી શ્રીનગરને કાશ્મીર બહાર ખસેડવાની બહારના રાજ્યોની માંગણીને કેન્દ્રીય સંસાધન મંત્રાલયે ફગાવી દીધી છે.સંસ્થાની મુલાકાતે ગયેલા મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓએ આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને વાજબી માંગણી પર ધ્યાન આપવાનું આશ્વાસન આપ્યું હતું.કેન્દ્રના પ્રતિનિધિઓની સાથે બેઠક મોડી રાત સુધી ચાલી હતી.પરંતુ તેમાં કોઈ મુદ્દાનો ઉકેલ આવી શક્યો નહોતો.

જો કે વિદ્યાર્થીઓની લડતમાં હવે રાજકારણનો રંગ ચઢ્યો છે તેથી આ મુદ્દાના ઉકેલ માટે રાજકીય કુનેહ જરુરી છે.દરેક શૈક્ષણિક સંસ્થાઓ કબજે કરી તેના પર આધિપત્ય જમાવી દેવાની કેટલીક અનિચ્છનીય ઘટના કેટલાક સમયથી બની રહી છે. જે પર પુરતુ ધ્યાન આપવાની જરુર છે.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

## ગરવી નવક્રાંતિ

કેરળના એક મંદિરમાં આતશબાજીને કારણે મંદિરમાં એકઠા થયેલા લોકો પૈકી કેટલાક લોકોના જાન ગયા અને અનેકો ઘાયલ થયા.ધર્મના નામે ચાલતા કેટલાક પરંપરાગત ઉત્સવો વારંવાર હોનારતો સર્જે છે.પરંતુ તેમાંથી બોધપાઠ લેવાને બદલે તેને ચાલુ રાખવા કે વધારે જોરમાં ઉજવવાની તડામાર તૈયારી કરી દેવાય છે.ઉપરોક્ત ઘટનાને ધ્યાનમાં રાખીને કેરળની હાઇકોર્ટે આવી આતશબાજીઓને રોકવા માટેનો આદેશ આપ્યો છે.પોલીસ તેની ફરજ બજાવવામાં બેદરકાર રહી છે તેવું પણ તારણ કાઢ્યુ છે.કોર્ટનું તારણ સાચું છે. પરંતુ જાહેરમાં આવા ઉત્સવો થતા હોય ત્યારે પોલીસ અને રાજકારણીઓ ધાર્મિક બાબતો અને ધાર્મિક નેતાઓના હઠાગ્રહ આગળ નત મસ્તકે હામાં હા મીલાવતા હોય છે. તેમની સામે હુંકાર કરીને અઘટિત ઘટનાઓને રોકવાની કોઇ હિંમત હોતી નથી.

કેરળની હાઇકોર્ટે જે કાંઇ આદેશ આપ્યો છે તેનું પાલન કેટલું થાય છે તે જોવાનું રહ્યું. તાજેતરમાં મંદિર પરિસરમાં જઇને પુજા કરવાની મહિલાઓને રજામંદી કોર્ટ દ્વારા આપવામાં આવી હતી. પંરતુ સરકાર ધાર્મિક નેતાઓ સામે કોર્ટનો આદેશ માનવાનો ધરાર ઇન્કાર કરીને પોલીસને કોર્ટનો આદેશ સામે મહિલાઓને મંદિર પરિસરમાં જતા રોકી લીધી.હવે એવું માની શકાય કે આવો આદેશ સરકારના ઉચ્ચ સ્થાનેથી જ આવ્યો હોય,પોલીસમાં કોર્ટના આદેશની અવગણના કરવાની હિંમત નથી. પરંતુ તેમને રાજકીય સત્તાનું પ્રેરક બળ મળ્યું તેથી તેઓ તેમ કરવા સંમત થયા હશે તેવુ માનવું ખોટું નથી.

નામદાર કોર્ટોએ આપેલા ચુકાદાઓ છેલ્લા કેટલાક સમયથી ધાર્મિક બાબતોને લગતા આવ્યા છે.તેમાં કોર્ટોએ સખ્તાઇ વર્તી છે.જો કે મહારાષ્ટ્રની નેતાગીરીને તેમના ઉપરીઓ દ્વારા કોર્ટની અવહેલનાનું શું પરિણામ આવી શકે છે તેની માહિતી આપીને મંદિર પરિસરમાં મહિલાઓને પ્રવેશ કરાવવા માટે મંદિરના ટ્રસ્ટીઓને સમજાવવાનો આદેશ અપાયો હશે. તેથી મદિરના અમુક હદ સુધી મહિલાઓને પ્રવેશ માટે છુટ્ટી અપાઇ છે.પુરુષ પ્રધાન અને તેમાંય પાછુ ચુસ્ત અને કટ્ટર ધાર્મિકતાને કારણે,પરંપરાઓ જીતતી રહી છે તેમાં બદલાવ લાવવા કોર્ટે કમર કસી છે.વધુમાં દેશમાં નવી ચુંટાયેલી કેટલીક સરકારો હિંદુત્વને વરેલી છે તેથી આવી બાબતોમાં તેઓ ધાર્મિક નેતાગીરીને શરણે થઇ જાય તેમાં કોઇ નવાઇ નથી.

## ઇસ્લામિક સેમિનરી દારુલ ઉલુમ દેવબંદે ભારત માતાકી જય બિન ઇસ્લામીક ઠેરવતો ફતવો જારી કર્યો

વિશ્વની સૌથી મોટી ઇસ્લામિક સેમિનરી ગણતાં દારુલ ઉલુમ દેવબંદે જારી કરેલા ફતવામાં જણાવ્યુ હતું કે ભારત માતાકી જયના નારા ઇસ્લામના સિધ્ધાંતોની વિરુધ્ધ છે.હિંદુ માન્યતા અનુસાર ભારત માતા દેવી છે અને તેઓ ભારત માતાની પુજા કરે છે. મુસ્લીમો માટે દેવીની પુજા કરવી બિન ઇસ્લામીક છે.ફતવામાં કહેવામાં આવ્યુ હતું કે અમે દેશને પ્રેમ કરીએ છીએ પરંતુ તેની પુજા કરતા નથી.ઇસ્લામમાં ફક્ત એક જ પરમેશ્વરની આરાધનાની પરવાનગી અપાઇ છે.

વંદે માતરમ બાદ દારુલ ઉલુમ દેવબંદે ભારત માતા કી જયને પણ બિન ઇસ્લામિક ગણાવ્યુ છે. પરંતુ મુસ્લીમ સમાજ આ ફતવાનો વિરોધ કરી રહ્યો છે.ઉતર પ્રદેશના ગાઝિયાબાદમાં મુસ્લીમ સમુદાયના લોકો સડકો પર ઉતરીને ફતવા સામે વિરોધ નોધાવ્યો હતો.ગાઝિયાબાદના ઇમામથી માંડીને મુસ્લીમ રાજકીય નેતાઓએ ફતવાની નિંદા કરતાં જણાવ્યુ હતું કે રાજકારણમાં પોતાની દુકાનો ચલાવવા માટે આ પ્રકારના ફતવાઓ જારી કરાય છે.ગાઝિયાબાદના ઇમામ કે ઝેડ.બુખારીએ જણાવ્યું હતું કે અમે આ ફતવાને માનતા નથી. ભારત માતા કી જય બોલવામાં કશો વાંધો નથી.આ પ્રકારના ફતવા રાજકીય લાભ ખાટવા માટે જારી કરાય છે.બાળપણથી અમારા માટે ભારત માતાકી જયનો અર્થ હિંદુસ્તાન ઝિંદાબાદ રહ્યો છે.ભાજપના નેતા શાહનવાઝ હુસેને જણાવ્યું હતું કે અમે ભારત માતા કી જયન નારો લગાવતા હતા અને લગાવતા રહીશું.

કેન્દ્રીય મંત્રી નિરંજના જ્યોતિએ દારુલ ઉલુમ દેવબંધના ફતવાની નિંદા કરતાં જણાવ્યું હતું કે આ ફતવો દેશના શહીદોનું અપમાન છે. આપણે જે દેશમાં રહીએ છીએ તેનો જયકાર કરવામાં શું વાંધો હોઇ શકે.ભારત માતાકી જયનો નારો ન લગાવવો દેશને વિભાજીત કરવાનો પ્રયાસ છે.આપણે પાકિસ્તાનમાં રહેતા નથી.

શિવસેનાના નેતા પ્રતાપ સરનાયકે જણાવ્યુ હતું કે જો ભારતમાં રહેવું હોય તો તેમણે ભારત માતાકી જયનો નારો લગાવવો પડશે.નહીંતર અમે શિવસેના સ્ટાઇલમાં નારા લગાવવા ફરજ પાડીશું.દારુલ ઉલુમ છે કોણ કે આ પ્રકારના ફતવા જારી કરે.ધરતી માતાને વિવિધ ધર્મમાં માતા, અમ્મી,આઇ કહીને બોલાવીએ છીએ.

મુસ્લીમ ધર્મગુરુ ખાલિદ રશીદ ફિરંગીએ જણાવ્યુ હતું કે દેશની આઝાદીમાં મુસ્લીમોએ પણ ઘણાં બલિદાન આપ્યા છે.જયારે મુસ્લીમોએ કહી દીધું છે કે સારે જહાંસે અચ્છા હિંદુસ્તા હમારા ત્યારપછી આ મામલે કોઇ ચર્ચા કરવાની જરુર રહેતી નથી.

ભારત માતાકી જય નહી બોલનારાઓના માથા વાઢી લેવાની વાત બાબા રામદેવે કહી છે.હવે રાષ્ટ્રવાદનો વાદ લેનારાઓની સંખ્યા વધી રહી છે.જેમણે રાષ્ટ્ર માટે જ્યારે કુરબાનીની જરુર હતી ત્યારે પીછેહટ કરી હતી તેવા પોસ્ટરો કોગ્રેસે જાહેરમાં મુક્યા છે.

માત્ર ભારત માતાકી જય બોલવાની રાષ્ટ્રભક્ત બની જવાતું નથી અથવા તો દેશભક્તિ દેખાતી નથી.પરંતુ માત્ર હિંદુત્વના એજન્ડા પર રચાયેલ પક્ષો હવે સત્તા મળતાં પોતાના પોત પ્રકાશવા માંડ્યા છે તેવા અનેક વ્યક્તવ્યો વીજાણું માધ્યમો પર દેખાઇ રહ્યા છે.

દેશભક્તિ અને રાષ્ટ્રવાદનું તુત ઉભુ કરીને કેટલાક પરિબળો દેશનું વિભાજન કરવા માટે અને દેશની એકતા તોડવા માટે પ્રયત્નો કરી રહ્યા છે તેવું ચિત્ર દેખાઇ રહ્યું છે. દેશનો સામાન્ય નાગરિક જેને આની સાથે કોઇ લેવાદેવા નથી તેનો ઉપયોગ કરવાનો પ્રયત્ન શરુ કરી દેવાયો છે.કેટલીક સંસ્થાઓ દ્વારા મુસ્લીમ વિસ્તારોમાં પોતાનો મત વ્યક્ત કરવાના ફરફરીયા ફરતાં કરી દેવાયા છે. જો તેમાં મુસ્લીમ બિરાદરો પોતાની અસંમતિ વ્યક્ત કરે તો તેઓ દેશદ્રોહી છે તેવું સાબિત કરવાનો કેટલાક પરિબળો પ્રયત્ન કરી રહ્યા છે. દેશની સત્તા સ્થાને બેઠેલી નેતાગીરીએ આ બાબતે વિચારવાનો સમય પાકી ગયો છે. જો તેઓ સમયસર અસરકારક પગલાં લેશે નહી તો દેશનું બિનસાંપ્રદાયિક બંધારણ ડેબે ચઢી જશે.

## યમનમાં અપહૃત પાદરીની સલામતી અંગે સતાવતી ચિંતા

યમનમાં ગત માસમાં કેટલાક બંધુકધારી આતંકવાદીઓએ ભારતીય મુળના એક પાદરીનું અપહરણ કર્યાના સમાચારોએ સનસનાટી સર્જી હતી.હવે તે પાદરી સલામત છે કે કેમ તે અંગેની ચિંતાઓ સતાવી રહી છે.આ બાબતે ભારતના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે જણાવ્યુ હતું કે અપહૃત પાદરીની હત્યાની ખોટી અફવા ફેલાઇ હતી અને તેમની ઝડપી સલામત મુક્તિ માટે સરકાર પ્રયાસ કરી રહી છે.

વિદેશ પ્રધાનને ટાંકતા કેથલિક જુથે આ માહિતી આપી હતી કે કેટલાક બંધુકધારીઓએ યમનના એડન શહેરમાં આવેલા એક વૃધ્ધાશ્રમ પર હુમલો કરીને ભારતીય મુળની ચાર સાધ્વીઓ સહિત ૧૫ લોકોને ઠાર માર્યા હતા.તે વખતે હુમલાખોરો ફાધર ટોમ ઉઝુન્નાલિલનું અપહરણ કરી ગયા હતા.પોપ ફ્રાંસિસે પણ આ હુમલાને વખોડી કાઢ્યો હતો.એક સંગઠનનું પ્રતિનિધિ મંડળ વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજને મળ્યું હતુ.

## રામદેવના આટા નુડલ્સ મેગી કરતાં પણ ખરાબ નિકળ્યા હોવાનો અહેવાલો



નેસ્લેનુ ઉત્પાદન મેગી દેશભરમાં જાણીતી પ્રોડક્ટ હતી.પરંતુ તેના લેબ.રીપોર્ટમાં બહાર આવેલી ક્ષતિઓ બાદ, બજારમાંથી મેગીનું ઉત્પાદન નેસ્લે કંપનીએ હટાવવુ પડ્યું.ત્યારબાદ બાબા રામદેવે પોતાની પ્રોડેક્ટ બજારમાં મુકી.તેમાં સ્વદેશી ચીજ મુકી અને વધુ સારી છે તેમ કહીને મુકી..હવે પતંજલિની આ પ્રોડેક્ટ આટા નુડલ્સ પણ સબસ્ટાન્ડર્ડ હોવાનું ફુડ સેફટી એન્ડ ડ્રગ્સ એડ.ની ટીમે જાહેર કર્યુ છે. પતંજલિના ત્રણ ગણા એશ કન્ટેટ વાળા નુડલ્સના સેમ્પલ મળી આવ્યા હતા.જે મેગી સેમ્પલ કરતાં પણ વધુ ખરાબ માલુમ પડ્યા છે.જો કે નેસ્લેની પ્રોડકટની લેબ રીપોર્ટ બાદ બજારમાંથી પાછી હટાવવાની કામગીરી બાદ પતંજલીએ અનેક પ્રોડક્ટમાં બજારમાં ઝુકાવીને બજાર સર કરવાની કોશીશ કરી હતી.પરંતુ ક્વોલીટી બાબતે લોકોમાં અસંતોષ છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ
આખુ પાન રૂ.૧૦૫૦૦ અર્ધુ પાન રૂ.૫૦૦૦
૧/૪ પાન રૂ.૨૫૦૦ ૧/૮ પાન રૂ.૧૦૦૦
વાર્ષિક પેનલ રૂ.૭૨૦૦ માસિક પેનલ રૂ.૧૦૦૦
ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## સામાજીક સમરસતાના પુરસ્કર્તા
## ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરને
## ૧૨૫મી જન્મજયંતીએ
## ગુજરાત અર્પે છે ભાવાંજલિ



**શિક્ષિત બનો,સંગઠિત બનો અને સંઘર્ષ કરો,**
**પોતાની શક્તિ ઉપર વિશ્વાસ રાખો**
**.ડૉ.બાબાસાહેબ આંબેડકર**

**શ્રીમતી આનંદીબેન પટેલ**
**મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય**

---

શૈક્ષણિક યોજનાઓ
સરસ્વતી સાધના યોજના
વિજ્ઞાન પ્રવાહ-સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને
શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય
ભોજન બીલ સહાય
મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમ.ફીલ
્અને પીએચડી શિષ્યવૃત્તિ યોજના
કોર્મશીયલ પાયલટની તાલીમ
ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન
મેડીકલ-એન્જીનીયરીગંના વિદ્યાર્થીઓને સાધન
ખરીદવા સહાય
ધો.૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને છત્રપતિ
શાહુજી મહારાજ ઇનામ યોજના
સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ
આર્થિક ઉત્કર્ષ,આવાસ અને અન્ય યોજનાઓ
માનવ ગરીબ યોજના
ડૉ.પી.જી.સોલંકી ડોકટર અને વકીલ સહાય યોજના
નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ- દુકાન ખરીદવા વ્યાજ
સહાય યોજના
સંતશ્રી રવીદાસ ઉચ્ચ કોશ્યલવર્ધક તાલીમ યોજના
ડો.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય
કુંવરબાઇનું મામેરૂ યોજના
માઇ રમાબાઇ સાત ફેરા સમુહલગ્ન યોજના
ડૉ.આંબેડકર આવાસ યોજના
સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય
અત્યાચારોના બનાવોમાં સહાય

**વંચિતોના વિકાસ અને કલ્યાણ માટેની યોજનાઓને વેગ આપવા રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે.**
શ્રીમતી આનંદીબેન પટેલ,મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય

## ગ્રામોદયથી ભારત ઉદય અભિયાન
ડૉ.આંબેડકર જન્મદિન ૧૪ એપ્રિલ થી પંચાયતી રાજ દિ ૨૪ એપ્રિલ
સામાજિક સમરસતાના મહાનાયક ડૉ.બાબાસાહેબ આંબેડકરને ૧૨૫મી જન્મ જયંતિએ શત શત વંદન

# પાકિસ્તાનના લાહોર ખાતે ઇસ્ટરની ઉજવણી માટે એકઠા મળેલા ખ્રિસ્તી કુટુંબો પર આતંકવાદીઓનો હુમલો



પાકિસ્તાનના લાહોર શહેર ખાતે આવેલ ગુલશન-એ-ઈકબાલ પાર્કમાં ઈસ્ટરના પવિત્ર તહેવાર નિમિત્તે ઉજવણી કરવા એકઠા મળેલા ખ્રિસ્તી કુટુંબો આતંકવાદીના હુમલાનો ભોગ બન્યા હતા. આતંકી હુમલામાં ૭૦ જેટલા મૃત્યુ થયા હતા.પાકિસ્તાનમાં લઘુમતીઓને કાયમી ધોરણે ત્રાસ અને આતંક સહન કરવો પડે છે.પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયોની હાલત કફોડી છે.ત્યાં સુરક્ષાની વ્યવસ્થા જ નથી.ધીમે ધીમે પાકિસ્તાનમાંથી લઘુમતીઓ જ્યાં સહારો મળે ત્યાં અન્યત્ર દેશોમાં હિજરત કરી રહ્યા છે.પાકિસ્તાનમાં હિંદુ અને શીખોની વસ્તી માત્ર ત્રણ ટકા જેટલી રહી છે.એક જમાનામાં તે ૨૦ ટકાથી વધુ હતી.પાકિસ્તાનમાં હિંદુ,ખ્રિસ્તી,અહેમદીયા જેવા તમામ સમુદાયની એક અલગ શ્રેણી છે.તેઓનો સામાજિક,આર્થિક, રાજકીય અને વહીવટી સ્તરે ભેદભાવનો શિકાર બને છે.છેલ્લા કેટલાક વર્ષોથી કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તી લઘુમતી શિકાર બનતી આવી છે.ધર્મનિંદાના કાયદાનો અનેક લોકો ભોગ બન્યા છે.

બ્રિટીશ પાકિસ્તાની ક્રિશ્ચિયન એસોએસીયન, કે જેઓ ઈસ્ટરના દિવસે આત્મઘાતી બોંબનો શિકાર બન્યા છે તેમની મદદ કરી રહ્યા છે તેમણે લંડન ખાતે એક વિરોધ પ્રદર્શન યોજયું હતું.અને તેમણે વિશ્વની સરકારોને અનુરોધ કર્યો હતો કે તેઓ પાકિસ્તાનમાં નિર્દોષ ધાર્મિક લઘુમતીઓના જીવનનું રક્ષણ કરવા માટે કોઈ કારાગત ઉપાય શોધે.ઈસ્ટરના દિવસે જાતિ નિંકદનની યોજનામાં બાળકોને નિશાન બનાવાયા હતા.નિર્દોષ બાળકો ઈસ્ટરનો આનંદ માણી રહ્યા હતા ત્યારે તેમની થયેલ હત્યાથી સમગ્ર વિશ્વ હતપ્રત છે. તેવું વિલ્સન ચૌધરી, બીપીસીએના ચેરમેને જણાવ્યું હતુ .

પાકિસ્તાનની લંડન ખાતે આવેલ હાઈકમિશન સામે આ ઘટના બાબતે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતું.અને અસરગ્રસ્તોને ન્યાય મળે માટે યોગ્ય કાર્યવાહી માટે કહ્યુ હતું.

પાકિસ્તાની ક્રિશ્ચિયન યુકે અને યુએસના ભેગા મળીને યુએન હેડક્વાટર્સની સામે દેખાવો યોજયા હતા.ઈસ્ટરનો પુનરુત્થાનનો તહેવાર ઉજવવાની પરંપરા મુજબ પાકિસ્તાનમાં થયેલા સામુહિક હત્યાકાંડ બાબતે આ દેખાવોનું આયોજન કરવામાં આવ્યુ હતું.બોંબ હુમલા માટે ઈસાને ઈસાને તાલીબાને ગ્રુપે આ માટે જવાબદારી સ્વીકારી હતી.અને કહ્યું હતું કે અમારી કાર્યવાહીના એક ભાગ રુપે અમે ખ્રિસ્તીઓને નિશાન બનાવ્યા છે.અમે આ તકને માટે ઈન્તજાર કરતાં હતા અને તે અમોને મળી અને અમોએ તેનો ઉપયોગ કર્યો છે.આવા નિવેદનો કર્યા હોવા છતાં પાકિસ્તાની સરકાર કોઈ પગલાં લેવા માટે આતુર નથી.પરંતુ ખ્રિસ્તીઓ વધુ સતાવણીનો ભોગ બને તે માટે તેઓ જ પ્રોત્સાહિત કરે છે.પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફે કહ્યું હતું કે આ હુમલામાં મુસ્લીમ પણ માર્યા ગયા છે. પાકિસ્તાનમાં હવે લઘુમતીઓની સલામતી માટે ચિંતા ઉપજાવે તેવી બાબતો બની રહી છે. વિશ્વ સમુદાયે આ બાબતે ખાસ કાર્યવાહી કરવાની જરુરીયાત છે.

# ભારત દેશના બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ દેશભરમાં ઉજવાઇ રહી છે

ભારત દેશના બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી દેશ ઉજવી રહ્યો છે ત્યારે માત્ર એવો અહેસાસ થવો જોઈએ કે બાબા સાહેબ માત્ર દલિતોના જ મસિહા નહોતા પરંતુ તેઓ દેશના સમગ્ર લોકો માટે હતા. તેમણે બંધારણમાં દેશના તમામ લોકોના હિતો માટેની ચિંતા અને વ્યવસ્થા મુકી છે.દલિતોએ ચોક્કસ એ બાબતે ગર્વ લેવું જોઈએ કે તેઓ દલિત હતા.પરંતુ દલિત હોવા છતાં અનેક મુશ્કેલભરી પરિસ્થિતિમાં તેઓ પોતાની વિદ્વતાથી સમગ્ર દેશને ચકિત કરી દીધો હતો. તે વખતના તેમના સાથીદાર નેતાઓ જેઓ આઝાદીની લડાઈમાં આગેવાની લઈ રહ્યા હતા તેમની પર પણ બાબા સાહેબનો પ્રભાવ હતો. મહાત્મા ગાંધીએ તેમની કુશળતા અને વિદ્વતાને પહેચાનીને તેમની કદર કરતાં તેમને દેશ માટે અગત્યનું કાર્ય સોપવા મજબુર કર્યા હતા.વિશ્વભરમાં ભારત દેશ મોટી લોકશાહી માટે આજે મહત્વનું સ્થાન ધરાવે છે તે માટે દેશનું બંધારણ જવાબદાર છે. અને તેનો સંપુર્ણ જસ



બાબાસાહેબને જાય છે.

બાબાસાહેબે કહ્યુ હતું કે “ મારુ સામાજિક તત્વજ્ઞા્ન,ત્રણ જ શબ્દોમાં ગુંથાયેલું છે. સ્વતંત્રતા,સમતા અને બંધુતા “ આઝાદી આવ્યાના ૬૫ વર્ષ બાદ હજુ પણ દલિતોની બાબતમાં બાબા સાહેબના વિચારો અધુરા છે. સરકારો ભલે બાબા સાહેબની ઉજવણી કરે પરંતુ અંતરિયાળ વસતા દલિતોની સ્થિતિ એટલી સુધરી નથી જેટલી કલ્પના બાબા સાહેબે કરી હતી.હજુ પણ દલિતો પર અત્યાચાર થાય છે. ૧૨૫મી જન્મ જયંતિ પર એકજુટ થઈને બાબા સાહેબના વિચારોને આગળ વધારીએ.

# રેલ્વે દ્વારા વિકલાંગોને યુનિક ઓળખ પત્ર આપવામાં આવ્યા

શારીરીક રીતે અપંગ વ્યક્તિઓ માટે રેલ્વે બોર્ડ દ્વારા વિશેષ સુવિધા શરુ કરવામાં આવી છે.આ સુવિધા અંતગર્ત હેન્ડીકેપ મુસાફરોને યુનિક આઈડી કાર્ડ અપાશે.કાર્ડમાં રહેલી તમામ માહીતી રેલવેના સર્વર પર પહેલેથી જ ફીડ કરાયેલ હશે.તેથી મુસાફરોને હવેથી પોતાની વિકલાંગતા પુરવાર કરવા માટે પોતાની સાથે દસ્તાવેજને રાખવાની જરુર નહીં પડે.પ્રાયોગિક ધોરણે અમદાવાદ ડીવીઝનમાં લગભગ ત્રણ હજાર ફિઝીકલ ચેલેન્જડ વ્યક્તિઓને આ યુનિક આઈડી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.કાર્ડના આધારે વિકલાંગ મુસાફર ભારતીય રેલવે તરફથી મળતા તમામ લાભો મેળવી શકશે.આ વખતે શારીરીક વિકલાંગ મુસાફરો માટે રેલવે તરફથી સુવિધાઓમાં વધારો કરાયો છે.જેના માટે પાંચ કરોડ રુપીયા ફાળવવા માટે વેસ્ટર્ન રેલવે તરફથી બજેટમાં દરખાસ્ત મુકાઈ છે.જે મુજબ પાસ થશે તો અમદાવાદ રેલવે સ્ટેશન પર લિફ્ટબનાવાશે.તેમજ બીજી અન્ય સુવિધાઓ પણ આપવામાં આવશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.